# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-05-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર તૌફિક સમા વાંચે છે.

---

## ભારત-અંગોલા સમજુતી કરાર

ભારત અને અંગોલાએ કૃષિ, પરંપરાગત સારવાર અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક સમજૂતી કરારોનું આદાન-પ્રદાન કર્યું છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોંજાલ્વેસ લોરેન્સો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આ સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા હતા. વિદેશ મંત્રાલયના સચિવ દમ્મુ રવિએ નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે અંગોલા ભારત પાસેથી સંરક્ષણ સાધનો ખરીદશે. ખરીદવામાં આવનારા માલ સામાન અંગે ભારતીય ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

---------------------------------------------------------------------------------------

## મધ્યસ્થી રાષ્ટ્રીય પરિષદ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ન્યાય પૂરો પાડવા માટે મધ્યસ્થી એક આવશ્યક ભાગ છે. મધ્યસ્થી માત્ર વિચારણા હેઠળના ચોક્કસ કેસમાં જ નહીં પણ મોટી સંખ્યામાં કેસોના ભારણને ઘટાડીને ન્યાય ઝડપી બનાવી શકે છે.

નવી દિલ્હીમાં મધ્યસ્થી પર રાષ્ટ્રીય પરિષદમાં બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે મધ્યસ્થી એક મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમણે કહ્યું કે મધ્યસ્થી સંવાદ, સમજણ અને સહયોગને પ્રોત્સાહન આપે છે.

---

## પાકીસ્તાનથી આયાત પર પ્રતિબંધ

ભારતે પાકિસ્તાનથી થતી પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.વિદેશ વેપાર મહાનિર્દેશાલયે એક સૂચનામાં જણાવ્યું કે, પાકિસ્તાનમાં ઉદ્ભવતા અથવા નિકાસ થતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અથવા પરિવહન પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર નીતિના હિતમાં લાદવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાં કોઈપણ અપવાદ માટે સરકારની મંજૂરીની જરૂર પડશે.

---

## IICTની સ્થાપના

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારત મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરી શકે છે. તેમણે કહ્યું કે ઘણી વૈશ્વિક કંપનીઓએ આ સંદર્ભમાં ભારત સાથે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

ગઈકાલે મુંબઈમાં વેવ્સ સમિટ દરમિયાન ગૂગલ, મેટા અને માઇક્રોસોફ્ટ સહિત સાત વૈશ્વિક કંપનીઓએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. મુંબઈમાં 400 કરોડ રૂપિયાના ભંડોળ સાથે **IICT** ની સ્થાપના કરવામાં આવશે.

---

## સ્પીપા સન્માન સમારોહ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને જાહેર વહીવટ ક્ષેત્રે પોતાની ફરજ દરમિયાન સામાન્ય માણસને મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો.

ગઇકાલે અમદાવાદમાં સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા-સ્પિપા ખાતે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષામાં સફળ થયેલા તાલીમાર્થીઓનાં સન્માન સમારોહમાં શ્રી પટેલે વિદ્યાર્થીઓને

તેમની ક્ષમતાઓ પર વિશ્વાસ રાખીને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી જાહેર વહીવટ ક્ષેત્રમાં ફરજ અદા કરવા જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના ઇતિહાસમાં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪માં સર્વશ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થયું છે. સ્પીપા ખાતે તાલીમ મેળવીને આ વખતે ૨૬ તાલીમાર્થીઓ પાસ થયા છે

---------------------------------------------------------------------------------------

## GSRTC- વધારાની બસો .

ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા રાજ્યોનાં મોટા શહેરોને જોડતી દૈનિક ૧ હજાર ૪૦૦થી વધુ અને પ્રવાસન સ્થળો તથા આંતરરાજ્ય મુસાફરી માટે વધારાની બસો દોડાવવામાં આવશે.

નિગમની યાદીમાં જણાવ્યા મુજબ સુરતથી સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત, અને સૌરાષ્ટ્ર માટેની સંખ્યાબંધ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતરરાજ્ય સેવાઓ સંચાલિત કરવામાં આવશે,

આ ઉપરાંત ધાર્મિક સ્થળો માટે પણ વધારાની બસો દોડાવવામાં આવશે, જેમાં અમદાવાદથી અંબાજી, સોમનાથ અને દ્વારકા માટે રોજની ૧૦ ટ્રીપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની ૫ ટ્રીપ તથા, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે રોજની ૫ ટ્રીપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે  રોજની ૧૦ બસોની ટ્રીપ દોડાવવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## IPL

ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમયેલી **IPL**ની 52મી મેચમાં  રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ **(RCB)** ચેન્નઈ સુપર કિંગ્સ **(CSK)** પર 2 રનથી રોમાંચક જીત મેળવી. ટીમ 16 પોઈન્ટ સાથે પોઈન્ટ

ટેબલમાં ટોચ પર આવી ગઈ. આ બેંગલુરુનો સતત ચોથો વિજય છે. 214 રનના લક્ષ્યાંક સામે ચેન્નઈ 20 ઓવરમાં 5 વિકેટે 211 રન જ બનાવી શક્યું. રવીન્દ્ર જાડેજા 45 બોલમાં 77 રન બનાવીને અણનમ રહ્યો. જ્યારે આયુષ મ્હાત્રેએ 48 બોલમાં 94 રનની ઇનિંગ રમી હતી. **RCB** માટે લુંગી એન્ગિડીએ 3 વિકેટ લીધી હતી.

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં આજથી વાતાવરણમાં પલટો આવવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે સોમવાર અને મંગળવારે જિલ્લામા કેટલાક સ્થળે તોફાની પવન સાથે કરા પડવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગની યાદી અનુસાર પશ્ચિમી વિક્ષોભની અસર તળે આજે છૂટા છવાયા સ્થળે ગાજવીજ સાથે હળવો કે મધ્યમ વરસાદ પડશે તેની સાથે 30થી 40 કિલો મીટરની ગતિએ પવન ફૂંકાઇ શકે છે.

---------------------------------------------------------------------------------------